# વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવનો શાનદાર પ્રારંભ

## નગરના કોરિયોગ્રાફર ભાવિન પટેલના નિર્દેશનમાં 'શક્તિ વંદના'








નવરાત્રિના પ્રથમ દિવસે રાજ્ય સરકાર આયોજિત વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવનો મંગલ પ્રારંભ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી સહિત અનેક નામાંકિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરીને કરાયો હતો. દીપ પ્રાગટય બાદ રાજયના ૧૫૦થી વધુ કલાકારો દ્વારા શકિત થીમ પર નૃત્ય નાટય દશ્ય-શ્રાવ્યનો ચતુષ્પરિમાણાય કાર્યક્રમ યોજાયો હતો.

અનેકવિધ કાર્યક્રમો થકી ગાંધીનગરના કલાઉદ્યાનની મહેકને રાજ્યભરમાં પ્રસરાવતા પનઘટ કલા કેન્દ્રના સંચાલક, કોરિયોગ્રાફર ભાવિન પટેલે પુનઃ એકવાર નગરની કલાસુવાસને રાજ્ય સ્તરે મહેકાવી ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે.

પ્રથમ નોરતે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે જીએમડીસી ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે 'શક્તિ વંદના' થીમ આધારિત મલ્ટીમીડિયાસભર સાંસ્કૃતિક યોજાયો હતો. આ શોના ડિરેક્ટર તરીકે ભાવનગરની કલાપથ સંસ્થાના કુશલ દિક્ષીત અને કોરિયોગ્રાફર તરીકે પનઘટ કલા કેન્દ્ર, ગાંધીનગરના ભાવિન પટેલે પોતાની નિષ્ણાત સેવાઓ આપી હતી. ઉલ્લેખનીય છે કે 'શક્તિ વંદના' કાર્યક્રમમાં સમગ્ર ગુજરાત અને ભારતના ૩૦૦થી વધુ કલાકારોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ અંતર્ગત નડિયાદનાં નમ્રતાબેન, વડોદરાનાં ઉલ્પા દેસાઈ, અમદાવાદની કલામય સંસ્થાનાં ઋચાબેન ભટ્ટ, અનંદ મેનન, ભરત બારીયા, અક્ષય પટેલ, ભાવનગરની કલાપથ સંસ્થા અને પનઘટ સંસ્થા, અમદાવાદની નૌમિતી સંસ્થાના કલાકારો દ્વારા વિવિધ નૃત્યો પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાની પટકથા પર આધારિત નાટ્ય પ્રસ્તુત થયું હતું, જેનું દિગ્દર્શન શિલ્પા ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું. સંગીત પંકજ ભટ્ટ દ્વારા તથા વિઝ્યુઅલ ડિરેક્શન હસમુખ કાછડિયા અને હર્ષ ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની મુખ્યમંત્રી દ્વારા ખૂબ સરાહના કરવામાં આવી હતી. તેમણે આ શાનદાર પ્રસ્તુતિ બદલ કલાકારોની પીઠ થાબડી એમને અભિનંદન પણ પાઠવ્યા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના...ના... આધારકાર્ડ નહીં જોઈએ... હજુ લીન્ક કરવાનો કોઈ આદેશ નથી, ત્યાં સુધી જેટલું જેવું હોય તેટલું જઈ આવ...!!

## સાદરા વ્યાયામ વિદ્યાલયમાં દૂધની ઉપયોગિતા પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત વિદ્યાપીઠ-શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા-સાદરાની સાયમ પ્રાર્થનાસભામાં માનવજીવનમાં દૂધની ઉપયોગિતા વિષયક વ્યાખ્યાન પ્રાધ્યાપક રમેશભાઈ પટેલે આપ્યું હતું. દુધ એટલે શું, દુધના ઘટક તત્વો, દુધની જાળવણી, બનાવટો, દુધનું મહત્વ જેવા વિષયે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. સભા અધ્યક્ષ પ્રા. ડૉ. જમનાદાસ માવલિયાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. મુખ્ય ગૃહપતિ ડૉ. ભરતભાઈ પટેલે સંચાલન કર્યું હતું તથા આભારવિધિ ગૃહમાતા સુર્યાબેન ભગોરાએ કરી હતી.

# ખેડૂતો પર જીએસટીના બોજ સામે ભારતીય કિસાન સંઘનો ઉગ્ર રોષ

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય કિસાન સંઘની તાજેતરમાં યોજાયેલી કારોબારીની વિશેષ કાર્યકારીણીની બેઠકમાં કૃષિક્ષેત્રે ઉપયોગી હોય તેવા વિવિધ સાધનો પર લાદવામાં આવેલ જીએસટીનો વ્યાપક વિરોધ કરવામાં આવ્યો હતો. અન્ય વિવિધ પડતર પ્રશ્નો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશની કારોબારીની વિશેષ કાર્યકારીણીની એક બેઠક પ્રદેશ કાર્યાલય બલરામ મંદિર પરિસર ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. જેમાં ભારતીય કિસાન સંઘ દ્વારા સમગ્ર ભારતભરમાં પ્રારંભ થનાર સદસ્યતા અભિયાન સંગઠન પર્વ-૨૦૧૮ની કાર્યયોજનાનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો હતો અને કૃષિ કિસાનોની વર્તમાન સમસ્યાઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને સરકારના પ્રશ્નો માટે તાકીદ કરવામાં આવી હતી. તમામ જિલ્લામાં પ્રદેશના પ્રતિનિધિઓને કાર્યભાર સોંપવામાં આવ્યો હતો.

રતનલાલ ડાગાજીએ પોતાના પ્રાસ્તાવિકમાં કાર્યકર્તાઓને માર્ગદર્શન કરતાં ગુજરાતમાં પૂર્ણ સંગઠન કરવા માટે લક્ષ લઈને નાનામાં નાના કાર્યકર્તાઓના ભાગે પણ કાર્ય વિભાજન કરીને સતત સક્રિય રહી લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવા જણાવ્યું હતું. આ અભિયાન હર ગ્રામ- હર ઘર તક સંપર્ક કરવાનું માધ્યમ બની રહેશે તેમ જણાવ્યું હતું.

બેઠકમાં પ્રતિનિધિઓ દ્વારા કિસાનોની સમસ્યાઓ અંગે કરતાં હાલ મગફળીના બજારમાં ખૂબજ નિમ્ન ભાવોથી શરૂ થયેલ ખરીદી, કૃષિક્ષેત્ર પર, ડ્રીપ ઈરીગેશન, જંતુનાશક દવાઓ, ટ્રેક્ટર, પીવીસી પાઈપ, યાંત્રિક ઓજારો વિગેરે ઉપર ૧૨ થી ૧૮ ટકા જેટલા ભારે કરબોજનો વિરોધ કરવામાં આવ્યો હતો. જેના કારણે ગુજરાતના કૃષિક્ષેત્ર અને કિસાનો ઉપર વિપરીત અસરો થવાની શક્યતા છે. કિસાન આમેય અનેક સમસ્યાઓથી ત્રસ્ત છે ત્યારે આવા વધારાનો બોજ સહન કરવો અસહ્ય બની રહેવાની ભીતી છે. કિસાન એ પણ આમ પ્રજા હોવાના નાતે બાકી ઘરેલુ અને ચીજવસ્તુઓ પર પણ જે જીએસટીનું ભારણ આવવાનું છે તેનો ભોગ બનવાનો જ છે. તેથી ખેતી કરવી દુષ્કર થઈ પડશે. આ અંગે પ્રદેશ કારોબારીએ ઠરાવ કરીને તત્કાલ આ જીએસટીને કૃષિક્ષેત્રમાંથી દૂર કરવા કેન્દ્ર-રાજ્ય સરકારને અનુરોધ કરવામાં આવ્યો હતો.

આગામી સીઝનમાં બજારમાં આવી રહેલ મગફળી-પછીથી કપાસ-ડાંગર-કઠોળ પાકો અંગે ટેકાના ભાવે ખરીદીના કેન્દ્રો ખોલવામાં આવે, ટેકાના ભાવથી જ હરાજીનો પ્રારંભ થાય, મગફળીના તળીયે બેસી ગયેલા ભાવો એ વિશેષ ચિંતા કરીને ટેકાના ભાવો ઉપરાંત બોનસ આપવા પણ માંગણી કરવામાં આવી હતી. આ અંગે જરૂર પડ્યે તાલુકા કક્ષાએ માર્કેટયાર્ડોમાં પીકેટીંગ કરવા પણ યોજના બની છે. આજ પ્રકારે પાક વિમા યોજના અંગે કિસાનોમાં ઉગ્ર આક્રોશની લાગણી પ્રસરેલ છે. આ અંગે મરજીયાત પાકવિમા યોજના-વીમા કંપનીની કિસાન વિરોધી કાર્ય શૈલી, તત્કાલ સર્વે અંગે કંપનીની બેદરકારી, પાકવિમાના નાણાંની તત્કાલ ચૂકવણી જેવા મુદ્દાઓ અંગે પણ સરકારને ચેતવવામાં આવેલ છે.

મહેસુલી પ્રશ્નો-આઈ કિસાન પોર્ટલના પ્રશ્નો-કાંટાળાતારની વાડની યોજનાનો પુનઃ વિચાર વિગેરે મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ વિઠ્ઠલભાઈ દૂધાત્રા, સંગઠનમંત્રી અશોકભાઈ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ શામળભાઈ ચૌધરી, કોષાધ્યક્ષ રમણભાઈ પટેલ સહિતના હોદ્દેદારો અને ૩૦ જિલ્લામાંથી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સે-૨૫માં ઓછા ફોર્સથી પાણી આવતા વસાહતીઓ પરેશાન

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર અને સમગ્ર ગુજરાતમાં આ વખતે વરસાદ સારો થયો છે મોટા ભાગના જળાશયો ભરાઈ ગયા છે અને પાણીની સમસ્યા હલ થઈ શકે છે ત્યારે શહેરની સૂર્યનારાયણ સોસાયટી સે-૨૫ ખાતે ધીમા ફોર્સથી પાણી આવે છે. સાથે ત્રણ ચાર દિવસ અગાઉ જુના સેકટરોમાં બિલકુલ પાણી આવતું ન હતું અને છેલ્લા ઘણા સમયથી સૂર્યનારાયણ સોસાયટી ખાતે રસોડા અને બહારની ચોકડીમાં પાણી પહોંચતું નથી ત્યારે આ અંગે રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજુજી ગોલ દ્વારા કલેકટરને રજુઆત કરવામાં આવી હતી પણ કોઈ ચોકકસ નિરાકરણ આવ્યું નથી ત્યારે વસાહતીઓ દ્વારા આગામી દિવસોમાં પાણીની સમસ્યાનો ઝડપથી ઉકેલ આવે તેવી માંગ કરવામાં આવી છે તેમ વસાહતીઓ અને પ્રમુખ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## કલોલ રેલવે સ્ટેશને આત્મહત્યા કરવા આવેલી મહિલાને ૧૮૧ અભયમ્‌ની ટીમે બચાવી

### પતિના ત્રાસથી કંટાળેલી મહિલા સાથે અભયમ્ ટીમે કાઉન્સીલીંગ કર્યુ : પતિ અને બાળકોને પણ સમજાવ્યા

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યની ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનથી કલોલ વિસ્તારની એક પરણિત મહિલાનો જીવ બચી ગયો છે. સમયસર કલોલ રેલવે સ્ટેશને પહોંચેલી અભયમ્‌ની ટીમે મહિલાને સમજાવીને આત્મહત્યા કરતાં રોકી લીધી છે. મહિલાના પતિને પણ બોલાવી તેની સાથે પણ સમજાવટથી કામ લઈ બાળકોના ભવિષ્ય માટે એક સંપ થઈ રહેવા કાઉન્સીલીંગ કરતા મહિલા, પતિ અને બાળકો સમજી જતાં સંસારનો એક માળો પીંખાતા બચી ગયો છે.

મળેલ વિગતોનુસાર બુધવારના રોજ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન ઉપર એક બહેનનો ફોન આવેલ હતો. જેની વિગતો મેળવી અભયમ્ ટીમ કલોલ રેલવે સ્ટેશન પહોંચી હતી. જેમાં એક મહિલા પોતાના પતિના શારીરિક અને માનસિક ત્રાસ અને મહેણાં ટોણાં થકી કંટાળીને રેલવેમાં પડતુ મુકી જીવન સંકેલી લેવાનો નિર્ણય લઈ આવી હતી. પરંતુ રેલવે સ્ટેશને ઉભેલા મુસાફરો પૈકી એક બહેને ૧૮૧ અભયમ્‌ની મદદ માંગી હતી.

૧૮૧ અભયમ્ ટીમના કાઉન્સીલર ભાવિકોબેન ભગોરાએ આ મહિલા સાથે કાઉન્સલીંગ કરી હકીકત જાણી તેના પતિનો સંપર્ક કરી તેમને પણ બોલાવી સમજાવટ હાથ ધરી હતી. જેમાં બાળકોના ભવિષ્યને ધ્યાને લઈ એક તક લેવાની જરૂરિયાત બંનેને સમજાઈ હતી. અને બંને વચ્ચે સમાધાન કરાવ્યુ હતુ અને બંને સહમતિથી એકબીજા સાથે રહેવા સમંત થયા હતા. આમ આત્મહત્યા કરવા જઈ રહેલી મહિલાનો જીવ બચાવી તેના સંસારને પણ ઉગારી લેવામાં ૧૮૧ અભિયમ્ ટીમને સફળતા સાંપડી હતી.

## નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનીષાબેન પટેલે ચાર્જ સંભાળ્યો

ગાંધીનગર, તા. ૨૨

નવ નિયુક્ત નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનીષાબેન પટેલે આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

રાજ્યના પંચાયત વિભાગે નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની બદલીના હુકમો કર્યા હતા. સુરેન્દ્રનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજો બજાવતા મનીષાબેન પટેલને ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ખાલી જગ્યા પર નિમણુંક અપાઈ હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની બન્ને જગ્યાઓ હવે ભરાઈ જવા પામી છે. પંચાયત અને મહેસુલના ના.જિ.વિ. અધિકારીનો ચાર્જ અજયભાઈ પટેલ પાસે હતો.

## ૨૩૯ ઈજનેરોને નર્મદા વિભાગમાં બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૨૨

નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં ફરજ બજાવતા ૨૩૯ નાયબ કાર્યપાલક ઈજનેરોને કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી આપવાનો નિર્ણય લેવામાં આવતાં વિભાગમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

ગત વર્ષે ૧૪૬ નાયબ કાર્યપાલક ઈજનેરોને બઢતી અપાઈ હતી આ વર્ષે ૨૩૯ એમ બે વર્ષમાં ૩૮૫ થી વધુ કર્મચારીઓને બઢતી આપવામાં આવી છે.

સરકારના આ હકારાત્મક અભિગમને આજે એસો. ઓફ. આસિ. ઈજનેર નર્મદા, જળસંપત્તિ વિભાગના પ્રમુખ વાય.એસ. પટેલ અને મહામંત્રી એ.એન. શાહે આવકારી અને સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે.

## ગુજરાત જન અધિકાર મંચ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત જન અધિકાર મંચના નેજા હેઠલ છેલ્લા એક વર્ષથી ફિકસ પગારમાં કામ કરતા કર્મચારીઓ માટે યોગ્ય નિર્ણય લેવામાં આવશે. તેમ સરકાર દ્વારા જણાવવામાં આવે છે પરંતુ હજુ સુધી કોઈ પણ પ્રકારનો નિર્ણય તંત્ર કક્ષાએથી ફિકસ પગારના કર્મચારીઓ માટે લેવામાં આવ્યો નથી. ત્યારે સરકાર તાત્કાલિક ધોરણે ફિકસ પગારના કર્મચારીઓને લઘુતમ વેતન આપી કાયમી કરવામાં આવે તેવી રજુઆત સાથે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું છે. જન અધિકાર મંચના પ્રવિણ રામ કહ્યુ છે કે જો સરકાર દ્વારા ટુંક સમયમાં ફિકસ પગારના કર્મચારીઓ માટે નિર્ણય નહીં લેવામાં આવે તો આ અંગે ફરિવાર ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં ઈજનેરોની બઢતીથી ખુશાલી

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં પાયાની કેટરમાં ફરજ બજાવતા ૨૩૯ ઈજનેરોને નાયબ કાર્યપાલક ઈજનેર-સિવીલ તરીકે બઢતી મળવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ ૧૪૬ ઈજનેરોને બઢતી આપવામાં આવી હતી એ જોતા એક જ વર્ષમાં કુલ ૩૮૫થી વધુ ઈજનેરોને બઢતીનો લાભ પ્રાપ્ત થયો છે. ઈજનેરોની બઢતીના નિર્ણયને અનુલક્ષીને ૩ હજારથી વધુ સભ્ય સંખ્યા ધરાવતા મદદનીશ ઈજનેર મંડળમાં હર્ષની લાગણી પ્રસરવા પામી છે અને આ પ્રસંગે મંડળે રાજય સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.

## યુવા સહકારી આગેવાન મનિષ સંઘાણી રશિયાની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૨

સહકારી સંગઠન ગુજરાતની સાથે પુરા વિશ્વમાં પ્રગતિ કરી રહ્યું છે. અને્ સહકારી માળખાને સમજવા અને તેમાં જરુરી સુધારા તથા ખેડુતલક્ષી નિર્ણયો સાથે સભાસદના લાભ અને જરુરીયાત જાણવા સહકારી ક્ષેત્રના અલગ અલગ સેમીનાર યોજાતા રહે છે. ત્યારે આ પ્રકારના એક સેમીનાર તા.૨૧ થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન મોસ્કો (રશિયા) ખાતે યોજાઈ છે. જેમાં ભારતમાંથી સહકારી સંસ્થાઓના હોદેદારોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ઉપરોક્ત કો.ઓપરેટીવ કોન્કલેવમાં સહકારી ક્ષેત્રના આગેવાનો મહારાષ્ટ્ર, ઓરીસ્સા, ઉતરાખંડ, મધ્યપ્રદેશ, બિહાર, હરિયાણા, દિલ્હી, ઉતરપ્રદેશ અને બીજા રાજય સાથે ગુજરાત પણ પ્રતિનિધિત્વ કરી રહ્યું છે.



ત્યારે ગુજરાતમાંથી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને બીજી રાજય સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા પૂર્વ કૃષિમંત્રી દિલિપ સંઘાણીના પુત્ર મનિષભાઈ સંઘાણી પણ કો. ઓપરેટીવ કોન્કલેવમાં અમરેલી અને ગુજરાત રાજયમાં સહકારી સંગઠનના માળખા અને તેની પ્રગતિ વિશે પુરા ભારતમાંથી પધારેલા હોદેદારોની માહિતી આપશે. આ કો.ઓપરેટીવ કોન્કલેવમાં ગુજરાતમાંથી રાજકોટ, અમદાવાદ, સુરત, બનાસકાંઠા, મહેસાણા, વગેરે જિલ્લાના પણ પ્રતિનિધીઓ ઉપસ્થિત રહેશે. તેમની આ યાત્રા માટે મિત્રોએ શુભેચ્છા પાઠવી છે.

## સાદરાની આસપાસ સર્પ પકડવાની સેવા આપતા મિતુલ પટેલ

ગાંધીનગર, તા. ૨૨



ગૂજરાત વિદ્યાપીઠના સાદરા ખાતેના રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના સ્વયંસેવક મિતુલ પટેલ અત્યાર સુધીમાં ૭૦ જેટલા ઝેરી-બિનઝેરી સર્પોને પકડી સલામત સ્થળે છોડી આવવાની સેવા આપી ચૂક્યાં છે. જીવદયાપ્રેમી મિતુલ પટેલની આ સેવાનો લાભ સાદરાના વિદ્યાપીઠ પરિસર ઉપરાંત સમગ્ર ગામ તથા આસપાસના અન્ય ગામો જેવા કે રાજપુર, કલ્યાણપુર, મોતીપુરા વગેરેના રહીશો પણ લઈ ચુક્યા છે. સાદરા તથા આસપાસના વિસ્તારમાં રહેણાંક ક્ષેત્રમાં જો કોઈ સર્પ દેખાય તો તુરંત ગ્રામવાસીઓ વિદ્યાપીઠના સ્વયંસેવક મિતુલ પટેલનો સંપર્ક સાધે છે. અને તેઓ આવી સર્પને સલામતી રીતે પકડી વન વિભાગને સોંપી આવે છે.

રક્તદાન - મહાદાન

**જાહેર નિવિદા નં.૦૫ સને ૨૦૧૭-૨૦૧૮**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ દ્વારા વિજળીકરણને લગતા ૦૯ કામ જેની અંદાજીત કિંમત રૂ. ૨૭,૫૭૩.૦૦ થી રૂ. ૯૯.૭૨૭.૪૦ સુધીની છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રી પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૨૮/૯/૨૦૧૭ બપોરે ૪.૦૦ વાગ્યા સુધી છે. ટેન્ડર પરત મેળવવાની તા. ૭/૧૦/૨૦૧૭ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૭૬૬/૧૭-૧૮

**જાહેર નિવિદા**

સાબરકાંઠા જિલ્લા પંચાયત આર.સી.એચ - એન.એચ.એમ. પ્રોગ્રામ હેઠળ આશા કીટની આઈટમ નં.૧ થી ૨ કુલ અંદાજીત રૂ. ૧૩,૦૦૦/-ની મર્યાદામાં ખરીદ કરવાની થતી હોઈ રસ ધરાવતા વેપારીઓએ ટેન્ડર ફોર્મ આ કચેરીએથી ટેન્ડર ફી રૂ. ૫૦૦/- ડીસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટી નોન એન.એચ.એમ. સાબરકાંઠાના નામનો ડ્રાફ્ટ રજૂ કરી આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા સીલબંધ કવરમાં 'આશા કીટ ભાવપત્રક' એમ કવર ઉપર સ્પષ્ટપણે લખી નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં મોકલી આપવાના રહેશે. ભાવ મંજૂર કરવા કે ન કરવા તે અંગેના તમામ અધિકાર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સાબરકાંઠાના રહેશે.

સ્થળ : હિંમતનગર
તા. /૯/૨૦૧૭

સહી/-
સભ્ય સચિવ
જિલ્લા આરોગ્ય સોસાયટી અને
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
સાબરકાંઠા જિલ્લા પંચાયત, હિંમતનગર

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૩૮૮/૨૦૧૭-૧૮

**જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૭-૧૮**

| | | |
|---|---|---|
| ૧. | કામનું નામ | બીન ઉપયોગી વૉટર ટેન્કર નંગ-૧ની હરાજી 'જ્યાં અને જેમ છે' સીલબંધ કવરમાં ટેન્ડરથી ભાવ મંગાવવા બાબત હરાજી બાબત. |
| ૨. | ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તા. | ૫/૧૦/૨૦૧૭ |
| ૩. | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. | ૧૨/૧૦/૨૦૧૭ |
| ૪. | ટેન્ડર ખોલવાની તારીખ | ૧૩/૧૦/૨૦૧૭ |
| ૫. | પેટાવિભાગીય કચેરીનું નામ તથા સરનામુ | નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગ, બ્લોક નં.એ, પાટનગર યોજના ભવન, બીજા માળે, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ |

ઉપરના કામે પાનકાર્ડ, જી.એસ.ટી. રજીસ્ટ્રેશન, લેટર પેડ તથા પ્રોપરાઈટશીપના પુરાવા ધરાવતા ઈસમો પાસેથી હરાજી કરવા માટે સીલબંધ કવરમાં બીડ ઓફર મંગાવવામાં આવે છે. હરાજીના ટેન્ડર ડોક્યુમેન્ટ પુરાવા સાથે રોકડા રૂ. ૬૦૦/- ભર્યેથી નિયત તારીખ સુધીમાં ટેન્ડર આપવામાં આવશે. પોસ્ટથી મંગાવનારે વધારાના રૂ. ૨૦૦/- ભરવાના રહેશે. ટેન્ડર અસ્વિકારવાનો ખાતાનો અધિકાર અબાધિત રહેશે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસબોર્ડ ઉપર જોઈ શકાશે.

માહિતી/૧૬૯૭/૧૭-૧૮